# નાના વરાછામાં મેટ્રોના અધિકારીઓએ શ્રીફળ વધેરી, લોન્ચર હટાવવું શરૂ કર્યું

**લોન્ચર** મશીન હટાવતાં અવાજથી આખા વિસ્તારમાં અવાજ ગૂંજી ઊઠ્યો, લોન્ચર હટ્યા બાદ ક્રેઇન હટાવાશે



સુરતઃ નાના વરાછા વિસ્તારમાં મેટ્રો પ્રોજેક્ટના એલિવેટેડ બ્રિજ પર ગર્ડર લોન્ચર ચડાવતી વખતે બે ક્રેઈન તૂટી પડી હતી અને એક ક્રેઈન તેમજ ગર્ડર લોન્ચરનો ભાગ મકાન ઉપર પડતાં મકાનને મોટું નુકસાન થયું હતું. મકાનમાલિકે નુકસાનીનો સરવે નહીં થાય ત્યાં સુધી ક્રેઈન નહીં ઉતારવા દેશે તેવું સ્પષ્ટપણે કહી દીધું હતું. જો કે, હવે મકાનમાલિકે મંજૂરી આપતાં ક્રેઈન ઉતારવા માટેનું કામ શરૂ કરવામાં આવ્યું છે. હાલ લોન્ચર મશીન હટાવવામાં આવ્યું છે. લોન્ચર મશીન હટાવતાં જ આખા વિસ્તારમાં લોખંડનો અવાજ ગૂંજી ઊઠ્યો હતો. 20 દિવસ બાદ બે હેવી ક્રેઈનથી 135 ટનનું લોન્ચર મશીનને હટાવવામાં આવ્યું છે. લોન્ચર મશીન ચડાવતા સમયે પણ પૂજા કરવામાં આવી હતી. તેમ તૂટી પડેલા લોન્ચર મશીનને હટાવતા સમયે પણ પહેલા પૂજા કરવામાં આવી હતી. બંગલા પર પડેલી ક્રેઈનને હટાવતા પહેલાં આ લોન્ચર મશીનને હટાવવાની કામગીરી થઈ હતી. આ કામગીરી માટે 50થી વધુ કર્મચારીઓ દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

પાંચ દિવસ પહેલાં ક્રેઈન અને લોન્ચર મશીન હટાવવા માટેની બંગલા માલિક દ્વારા પરમિશન આપી દેવામાં આવી હોવા છતાં પણ પાંચ દિવસે આ કામગીરી 50 ટકા જેટલી પણ થઈ નથી. જેથી સ્થાનિકોને હેરાન થવાનો વારો આવ્યો છે. સોસાયટીના લોકો છેલ્લા 20 દિવસથી અન્ય સોસાયટીની બહાર નીકળવા માટે ઉપયોગ કરી રહ્યા છે.

મકાનમાલિક મહેશ દેસાઈએ ઘરની નુકસાનીનો સરવે કરવા માટે એજન્સીઓ મૂકી છે. તેમણે મેટ્રો કંપનીને જ્યાં સુધી નુકસાનીનો સરવે નહીં થાય ત્યાં સુધી ક્રેઈન ઉતારવાની મંજૂરી આપી ન હતી. જો કે, ટેક્નિકલ કારણોસર ક્રેઈન ઉતારવી પડે તેમ હોવાથી મહેશ દેસાઈએ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનને ક્રેઈન ઉતારવાની મંજૂરી આપી છે. મેટ્રો અધિકારીઓએ પણ તેમને આશ્વાસન આપ્યું છે. ક્રેઈન ઉતારવાનું કામ શુક્રવારથી શરૂ કરવામાં આવ્યું છે. પરંતુ હજી કામ પૂર્ણ થયું નથી. મેટ્રોની ટીમ દ્વારા રસ્તો બંધ કરી પાંચ જેટલા બાઉન્સર ગોઠવી દેવામાં આવ્યા હતા. બાઉન્સરો દ્વારા પણ સ્થાનિક લોકોને અંદર પ્રવેશ કરવા દેવાતા ન હતા. 3:30 કલાક સુધી મેટ્રોના અધિકારીઓ દ્વારા સ્થાનિક લોકોને બાનમાં લઈ લેવામાં આવ્યા હતા. લોન્ચર મશીન તો હટાવી દેવામાં આવ્યું છે પણ ક્રેઈન ક્યારે હટશે એ હજી સ્પષ્ટ નથી.

### મકાનમાલિક અને વાહનોને નુકસાન થયેલા માલિકોને વળતરની માંગ

મકાનમાં થયેલા નુકસાનનો જે પણ રિપોર્ટ આવશે તે આધારે કોન્ટ્રાક્ટ કંપની તે નુકસાનીને રિપેર કરી આપશે. આ સાથે જ બંગલા માલિકે બંગલામાં જે નુકસાની થઈ છે તેની જ ભરપાઇ કરવાની માંગ કરી છે. લોન્ચર મશીન બંગલા સાથે ત્રણ કાર પર પણ પડી હતી. જેને બે દિવસ પહેલા ક્રેઇનની મદદથી લોન્ચર બોક્સ નીચે દબાઈ ગયેલી કાર બહાર કાઢવાની કામગીરી મેટ્રો રેલ દ્વારા કરવામાં આવી હતી. આ સાથે કારના નુકસાન પેટે વળતર ચૂકવવામાં આવે તેવી માંગણી પણ કારમાલિકો દ્વારા કરવામાં આવી છે.

### મેટ્રોની ટીમ મકાનમાલિકનું મકાન સંપૂર્ણ રિપેર કરી આપશે

**મકાનમાલિકના** આર્કિટેક્ટને સાથે રાખીને તેમના જૂના પ્લાન મુજબ તેમનું સંપૂર્ણ મકાન રિપેર કરી આપશે

સુરતઃ મેટ્રોની કામગીરીમાં વરાછામાં એક મકાન પર ક્રેઈન પડી જવાની ઘટનાને 20 દિવસનો સમય થઈ ગયો છે. ક્રેઈન હટાવવા માટે મેટ્રોની ટીમ દ્વારા શરૂઆત કરાઈ હતી. પરંતુ મકાનમાલિક દ્વારા શરત મૂકવામાં આવી હતી. મહેશ દેસાઈએ મકાનના સરવે માટે ટીમ રોકી હતી અને તેના સરવેનો રિપોર્ટ આવ્યા બાદ જ ક્રેઈન હટાવવા જણાવ્યું હતું. મેટ્રોની ટીમ સાથે મકાનમાલિકની મિટિંગ બાદ મેટ્રોની ટીમે તેમને સંપૂર્ણ મકાન રિપેર કરી આપવાની લેખિતમાં બાંયધરી આપી દીધી છે. મકાનમાલિક મહેશ દેસાઈએ જણાવ્યું હતું કે, તેઓએ મેટ્રો સમક્ષ શરત મૂકી હતી કે ક્યાં તો મેટ્રોની ટીમ તેમનું સંપૂર્ણ મકાન ખરીદી લે અથવા તો સંપૂર્ણ મકાન રિપેર કરી આપે. જેથી જીએમઆરસી દ્વારા મકાનમાલિક મહેશ દેસાઈના મકાનનો આર્કિટેક્ટ પ્લાન પણ મંગાવાયો હતો અને હવે તેમના સંપૂર્ણ મકાનના રિપેરિંગની જવાબદારી લીધી છે. મકાનના આર્કિટેક્ટને સાથે રાખીને તેમના જૂના પ્લાન મુજબ તેમનું સંપૂર્ણ મકાન રિપેર કરી આપશે તેમ જીએમઆરસીએ લેખિતમાં બાંયધરી આપી દીધી છે.

## પતિના દીર્ઘાયુષ્ય માટે મહારાષ્ટ્રીય મહિલાઓએ કર્યું સૂપડા પૂજન



■ ગુજરાતમાં વટ સાવિત્રી અને ઉત્તર ભારતમાં જે રીતે કરુઆ ચૌથનું વ્રત કરવામાં આવે છે, તેવી જ રીતે મહારાષ્ટ્રીય મહિલાઓ પણ પતિના દીર્ઘાયુષ્ય માટે સુપડાં પૂજન કરે છે. આ પ્રસંગે મહિલાઓ ભેગી મળી શ્રદ્ધાપૂર્વક પૂજન કર્યા બાદ એકબીજાની માંગ ભરે છે. **(તસવીરઃ હેમંત ડેરે)**

## મનપાનાં 1284 આવાસના 16 મીએ પ્રધાનમંત્રી દ્વારા વર્ચ્યુઅલી લોકાર્પણ કરાશે

સુરતઃ શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મનપા દ્વારા સાકાર કરવામાં આવેલા 1284 આવાસનાં લોકાર્પણ 16મી સપ્ટેમ્બરના રોજ થશે, જેમાં વડાપ્રધાન મોદી વર્ચ્યુઅલી લોકાર્પણ કરશે.

રાંદેર ઝોનમાં ટી.પી. 10 (અડાજણ) ફાઈનલ પ્લોટ નં.17 સુમન આદર્શમાં 47 કરોડના ખર્ચે 408 આવાસ, લિંબાયતમાં ટી.પી. 62 (ડિંડોલી-ભેસ્તાન-ભેદવાડ)માં ફાઈનલ પ્લોટ નં.173માં 29 કરોડના ખર્ચે 336 આવાસ અને અઠવા ઝોનમાં 45 કરોડના ખર્ચે ટી.પી. 13 (વેસુ-ભરથાણા)માં ફાઈનલ પ્લોટ નં.165, 166માં 540 આવાસ સાકાર કરાયાં છે. કુલ રૂ.122.98 કરોડના ખર્ચે સાકાર થયેલાં 1284 આવાસનાં ઈ-લોકાર્પણ થશે.

આવતીકાલે તા.11મીએ સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલના હસ્તે 744 આવાસના ડ્રો થશે, જેમાં ટી.પી. 10 (અડાજણ) ફા.પ્લોટ નં.17, અડાજણ ફાયર સ્ટેશનની બાજુમાં કુલ 408 આવાસ છે, જેમાં 327 આવાસના ડ્રો થશે. 408 પૈકીના 147 આવાસ કતારગામના પટેલવાડીના અસરગ્રસ્તોને ફાળવાશે, જેમાંથી 81 આવાસ માટેનાં ફોર્મ ન મળ્યાં હોવાથી રિઝર્વ રખાશે. ટી.પી. નં.62 (ડિંડોલી-ભેસ્તાન-ભેદવાડ) ડિંડોલી ગામ રોડ પર 336 આવાસ છે, જેમાંથી 63 આવાસના ડ્રો થશે અને 273 આવાસ લિંબાયત ઝોનના અસરગ્રસ્તો માટે રિઝર્વ હોવાથી 63 આવાસના ડ્રો થશે. આમ, કુલ 744 આવાસ પૈકી 390 આવાસના આવતીકાલે ડ્રો થશે.

## અડાજણ અને અઠવાનાં બે જર્જરિત એપાર્ટમેન્ટને રિપેરિંગની ફરજ પાડવા રહીશોની જ રજૂઆત

**કેટલાક** ફ્લેટહોલ્ડર્સ, દુકાનદારોની આડોડાઈને કારણે રિપેરિંગ અટકતાં અન્ય લોકો અકળાયા

સુરતઃ અઠવા ઝોનમાં બીના અપાર્ટમેન્ટ અને રાંદેર ઝોનના અડાજણમાં સાંઇ સ્કવેર કોમ્પ્લેક્ષની રહીશોએ મનપાને બંને મિલકતોને રીપેરીંગની ફરજ પાડવા રજૂઆત કરી છે.

ઘોડદોડ રોડ બીના એપાર્ટમેન્ટનો સ્ટ્રક્ચર સ્ટેબિલીટીનો રીપોર્ટ નેગેટીવ આવ્યો હોવાથી મનપા દ્વારા નોટિસ પણ પાઠવવામાં આવી હોવા છતાં કોમ્પ્લેક્સમાં દુકાનદારો અને અન્ય ફ્લેટ હોલ્ડરોની આડોડાઈનાં કારણે બિલ્ડીંગ સંપૂર્ણ રીતે ખાલી થયું નથી.

ઉપરાંત અડાજણ સાંઈ સ્કવેર કોમ્પલેક્ષવાળી ગ્રા.ફ્લોર વત્તા બે માળની મિલ્કતમાં સ્ટ્રક્ચર સ્ટેબિલિટી સર્ટીફીકેટ રજુ કરવા જણાવાયું હતું. છતાં અમુક દુકાનદારો અને મિલકતદારો રીપેરીંગ માટે તૈયાર નહીં થતા મિલકત વધુને વધુ જોખમી બની રહી હોવાથી આડોડાઈ કરી રહેલા મિલકતદારોને રીપેરીંગ માટે ફરજ પાડવા અન્ય મિલકતદાર દ્વારા રજુઆત કરવામાં આવી છે.

## પુણામાં આધેડનો પુત્રની મિત્ર ઉપર બળાત્કાર

**બંને** પરિવાર વચ્ચે ઝઘડો થતાં અઢી વર્ષ બાદ મામલો પોલીસમથકમાં પહોંચ્યો

સુરતઃ સુરતના પુણા વિસ્તારમાં રહેતા આધેડે તેના પુત્રની મિત્ર પર દાનત બગાડી રાત્રિના સમયગાળાનો લાભ ઉઠાવી તેના પર અવારનવાર બળાત્કાર ગુજાર્યો હતો. જો કે, અઢી વર્ષ બાદ દીકરીએ આ અંગે પરિવારજનોને વાત કરતાં તેઓએ આધેડ સામે પુણા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી છે. જેથી પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મૂળ પોરબંદરના વતની અને હાલમાં સુરતના પુણાગામ વિસ્તારમાં દીપમાલા સોસાયટીની સામે આવેલી ઓમકાર સોસાયટીમાં રહેતા સંજયભાઈ મનસુખભાઈ ફળદુ સામે ગતરોજ પુણા પોલીસમથકમાં બળાત્કારની ફરિયાદ નોંધાઈ છે. આ ફરિયાદમાં નોંધાયેલી માહિતી પ્રમાણે સંજયભાઈના પુત્ર અને એક યુવતી સાથે મિત્રતા હતી. બંને સાથે શાળામાં અભ્યાસ કરતા હોવાથી વાતચીત કરતાં હતાં અને અવારનવાર તેઓ એકબીજાના ઘરે મળતા પણ હતાં. દરમિયાન યુવતીના પરિવારજનો અને સંજયભાઈના પરિવાર વચ્ચે ઝઘડો થયો હતો. જેના કારણે બંનેનું બોલવાનું બંધ કરાવી દીધું હતું. એ બાદ પણ યુવતી સંજયભાઈના દીકરા પ્રેમ સાથે વાતચીત કરતી હતી. આ વાતની જાણ યુવતીના પરિવારને થતાં તેઓએ ઘરમાંથી બહાર નીકળવાનું બંધ કરાવી દઈ શાળાએ પણ જવાનું બંધ કરાવી દીધું હતું. યુવતીના પરિવારજનોએ યુવતીને જણાવ્યું હતું કે, હાલમાં સંજયના પરિવાર સાથે ઝઘડો ચાલે છે તો તું તેની સાથે શા માટે વાત કરે છે અને જ્યાં સુધી તું સત્ય હકીકત નહીં કહે ત્યાં સુધી તેને ઘરની બહાર કે શાળા પર જવા દેવામાં નહીં આવે. જેના કારણે આખરે દીકરીએ જણાવ્યું હતું કે, પ્રેમ સાથે માત્ર વાતો કરવા સિવાય મારે કોઈ સંબંધ નથી, પરંતુ તે અઢી વર્ષ પહેલાં જ્યારે પ્રેમના ઘરે રાત્રિ રોકાણ માટે જતી હતી ત્યારે તેના પિતા સંજયભાઈ અવારનવાર તેની સાથે શારીરિક સંબંધ બાંધી ધમકી આપતા હતા. જેથી આખરે ભોગ બનનારી યુવતીના પિતાએ ફરિયાદ નોંધાવતાં પોલીસે બળાત્કારનો ગુનો નોંધ્યો છે.

## લંબે હનુમાન રોડના વેપારીના ઘરમાં લાખોના દાગીના ચોરનાર કૌટુંબિક મામો ઝડપાયો

**ગયા** અઠવાડિયે વેપારી ઉપાશ્રયમાં ગયો હતો ને ચોરી થઈ હતી

સુરતઃ રિંગ રોડ જે.જે. માર્કેટમાં કાપડનો વેપાર કરતા વરાછા ઉમરવાડાના વેપારીના ત્રીજા માળે આવેલા ફ્લેટમાંથી રહસ્યમય રીતે સવા પાંચ લાખ રૂપિયા રોકડા અને દાગીનાની ચોરી થઇ હતી. આગળથી મકાનનું તાળું સલામત હોઈ, ચોર ફ્લેટમાં કઇ રીતે આવ્યો તેને લઈને કોકડું ગૂંચવાયું હતું. પરંતુ વરાછા પોલીસે ચોરીનો ભેદ ઉકેલી કાઢ્યો હતો અને ડુપ્લિકેટ ચાવીથી ઘરમાં પ્રવેશી ચોરી કરનાર કૌટુંબિક મામાની 20.07 લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી છે.

લંબે હનુમાન રોડ પર ગુજરાત હાઉસિંગ બોર્ડની બિલ્ડિંગમાં રહેતા નરેશ કસ્તુરચંદ કોઠારી (ઉં.વ.48)એ પોલીસને જણાવ્યું હતું કે, તેઓ રિંગ રોડ જે.જે. માર્કેટમાં લીના સાડીના નામે કાપડનો ધંધો કરે છે. વેપારીએ જણાવ્યું હતું કે, ગત તા.3મી ને સાંજે સાતથી નવ વાગ્યાના અરસામાં તેમનો આખો પરિવાર લંબે હનુમાન રોડ ઉપર અરિહંત પાર્કમાં આવેલા ઉપાશ્રયમાં ગયા હતા. તેઓ જ્યારે ઘરમાં પ્રવેશ્યા હતા ત્યારે બહારથી તાળું સલામત હતું. આ સંજોગોમાં ચોર ડુપ્લિકેટ ચાવીથી તાળું ખોલી અંદર પ્રવેશ્યો હતો અથવા પાછળની બાલ્કનીના ખુલ્લા દરવાજા વાટે પ્રવેશ્યો હોઈ શકે. અલગ અલગ શક્યતાના ગણિત વચ્ચે પોલીસે ચોરી કઈ રીતે થઈ એ જાણવા ડોગ સ્ક્વોડ અને એફ.એસ.એલ.ની મદદ લીધી હતી. પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા અલગ અલગ ટીમો બનાવી કામે લાગી હતી. પોલીસે 100 જેટલા સીસીટીવી ચેક કરી આખરે કાપડ વેપારીના ઘરમાંથી ચોરી કરનાર આરોપીને ઘરેથી જ દબોચી લીધો હતો. પોલીસે રમેશભાઈ હીરાલાલ જૈન (ઉં.વ.38) (રહે.,અક્ષર ટાઉનશિપ, પુણા, જે મૂળ રહે.,રાજસ્થાન) પકડી પાડ્યો હતો. આરોપીની ધરપકડ કરી તેની પાસેથી 20.07 લાખના સોનાના દાગીનાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપીની પૂછપરછમાં ફરિયાદી નરેશનો કૌટુંબિક મામો જ હોવાનો ભેદ ખૂલ્યો હતો.

## આયાતી નાયલોન યાર્ન પર એન્ટી ડમ્પિંગ ડ્યૂટી કે BIS લાગુ થશે તો મોટી સંખ્યામાં કારખાનાં બંધ થશે

**સુરત** નાયલોન વિવર્સ એસોસિએશને ટેક્સટાઈલ મંત્રી, ટેક્સટાઈલ સેક્રેટરીને રજૂઆત કરી

સુરતઃ નાયલોન સ્પિનર્સ એસોસિએશન દ્વારા ટેક્સટાઈલ મંત્રી ગિરિરાજ સિંહને ચીનથી આયાત થતાં નાયલોન યાર્ન પર એન્ટી ડમ્પિંગ ડ્યૂટી અને બીઆઇએસ લાગુ કરવા સાથે બેઝિક કસ્ટમ ડ્યૂટીમાં 10 ટકા સુધી વધારો કરવાની માંગણીનો સુરત નાયલોન વિવર્સ એસોસિએશનના પ્રમુખ મયૂર ચેવલી અને સેક્રેટરી વિમલ બેકાવાલાએ વિરોધ નોંધાવ્યો છે. કેન્દ્રના ટેક્સટાઈલ મંત્રી, ટેક્સટાઈલ સેક્રેટરી, ટ્રેડ એડ્વાઇઝર અને ડિરેક્ટર જનરલ બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડને રજૂઆત કરી છે કે, નાયલોન સ્પિનર્સ દ્વારા એન્ટી ડમ્પિંગ ડ્યૂટી લાગુ અને BIS લાગુ કરવા તથા બેઝિક કસ્ટમ ડ્યૂટી વધારવાની માંગ મૂકી છે, જે ખોટી અને ગેરકાયદે છે. નાયલોન સ્પિનર્સ એસોસિએશન સરકાર માન્ય રજિસ્ટર્ડ સંગઠન નથી. 8થી 10 સ્પિનર્સ જ આ સંગઠન ચલાવે છે. આથી સરકારે તેમની માંગણી ગ્રાહ્ય રાખવી ન જોઈએ.

## સંક્ષિપ્ત સમાચાર

### GPIDના ગુનામાં 4 આરોપીની જામીન અરજી નામંજૂર

સુરત- જીપીઆઈડીના ગુનામાં ઝડપાયેલા ચાર આરોપીઓની જામીન અરજી કોર્ટે નામંજૂર કરી હતી. કેસની વિગત એવી છે કે આરોપીઓ મોહનભાઈ નામદેવ પવાર, રમિલાબેન મોહનલાલ પવાર, રાહુલ સુરેશ મન્ડોર અને વિજય દિનેશ પવાર( તમામ રહે. નવસારી) અને મયુર નાયક સહિતનાઓ વિરુદ્ધ અડાજણ પોલીસ સ્ટેશનમાં જીપીઆઈડી( ગુજરાત પ્રોટેક્શન ઓફ ઇન્ટરેસ્ટર ઓફ ડિપોઝિટર્સ) એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. ફરિયાદ અનુસાર આરોપીઓએ લોકોને રોકાણ કરવાની લાલચ આપી હતી. લોકોએ રોકાણ કરેલી રકમ આરોપીઓના બેંક એકાઉન્ટમાં જમા થતી હતી. આવી રીતે આરોપીઓએ લોકો સાથે 2.35 ક રોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી. મોહનભાઈ, રમિલાબેન, રાહુલ અને વિજયની ધરપકડ કરી હતી. તમામ આરોપીઓએ જામીન પર મૂક્ત થવા માટે કોર્ટમાં જામીન અરજી કરી હતી કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપીઓની જામીન અરજી નામંજૂર કરી હતી.

### અડાજણની મહિલાએ બીમારીથી કંટાળી જીવન ટૂંકાવી લીધું

સુરતઃ અડાજણ હનીપાર્ક રોડ કેશવપાર્ક સોસાયટીમાં 49 વર્ષીય તનુજા દિનેશ પટેલ બે પુત્રો સાથે રહેતી હતી. તેના પતિનું ત્રણ વર્ષ પહેલાં અવસાન થઈ ગયું હતું. તનુજાને પેટમાં દુખાવા સહિતની અલગ-અલગ બીમારી હતી. જે બીમારીથી કંટાળી તેણીએ સોમવારે સવારે ઘરમાં ઝેર પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જેથી પરિવારજનો તેણીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. બાદ અન્ય ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન મંગળવારે સાંજે તેનું મોત નીપજ્યું હતું.

### કતારગામના રત્નકલાકારનું ચાલુ નોકરીએ મોત

સુરતઃ મૂળ અમદાવાદ ધંધુકાના વતની હેમુ વિરજીભાઈ ચૌહાણ (42 વર્ષ) કતારગામ વિસ્તારમાં માધવનંદ સોસાયટીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. તે પંડોળ વિસ્તારમાં હીરાના કારખાનામાં રત્નકલાકાર તરીકે કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. બુધવારે સવારે નોકરી ઉપર કામ કરતી વખતે તેને છાતીમાં દુખાવો ઉપડતા બેભાન થઈને ઢળી પડ્યો હતો. તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબિબે તેને મૃત જાહેર કર્યો હતો.

### અમરોલીમાં નશાની હાલતમાં ભૂલથી એસિડ ગટગટાવનારા શ્રમજીવીનું મોત

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ અમરોલી વિજ્યાનગર પાસે ફૂટપાથ પર રહેતો 35 વર્ષીય સુશાંત યોગી રાવ છૂટક મજૂરી કરતો હતો. સોમવારે રાત્રે તે દારૂનો નશો કરીને આવ્યો હતો, ત્યારબાદ તેણે ભૂલથી એસિડ પી લેતાં સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન મંગળવારે મધરાત્રે તેનું મોત નીપજ્યું હતું.

### ચાલુ ટેમ્પોએ પાછળ લાદેલા કાપડના ઢગલા પરથી પટકાતાં વૃદ્ધનું મોત

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ પાંડેસરા વિસ્તારમાં શક્તિનગરમાં અમરત સર્જન પાટીલ (65 વર્ષ) બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. તે ટેમ્પોમાં મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. મંગળવારે સાંજે તે ભટારથી ટેમ્પોમાં કાપડનો માલ ભરીને પર્વત પાટિયા જઈ રહ્યો હતો. ત્યારે તે ટેમ્પોમાં પાછળ કાપડના માલ ઉપર બેઠો હતો. દરમિયાન સ્મીમેર હોસ્પિટલ પાસે તે ચાલુ ટેમ્પોમાંથી નીચે પડી ગયો હતો. જેથી તેને સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત નિપજ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### રાજ્ય કક્ષાના ખેલ મહાકુંભમાં સુરતના દિવ્યાંગ સ્પર્ધકો વિજેતા થયા



સુરતઃ રાજ્ય કક્ષાની ખેલ મહાકુંભ 2.0 તરણ સ્પર્ધા ગત રોજ યોજાઈ ગઈ હતી. જેમાંદિવ્યાંગ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિજેતા થયેલા ખેલાડીઓનું ધી સોસાયટી ફોર ફિઝિકલી હેન્ડિકેપ્ડ-સુરત પેરા સ્પોર્ટ્સ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. દરેક ખેલાડીઓને મેડલ, સર્ટિફિકેટ તથા ટ્રેક શુટ આપી સન્માનિત કરાયા હતા. જેમાં જયનીશ કાંતિભાઈ સારંગ, સાગર ઉમેશભાઈ રાણાં, રોહનકુમાર મનોજકુમાર ચાસીયા, અબીઝર અમ્માર ડોડીયા, દેવાંશી રાણાં, મનોજભાઈ રાણા વિષ્ણુ વિનોદકુમાર, સંસારકાર મનોજભાઈ જેવા ખેલાડીઓએ પેરાસ્વિમિંગ સ્પર્ધા વર્ષ 2024-25માં ભાગ લઈને વિજેતા થયાં હતા.

### ઉધનામાં શ્રી ગુરુકૃપા વિદ્યાસંકુલમાં ગણેશ ચતુર્થીનો ઉત્સવ ઉજવાયો

સુરતઃ શ્રી ગુરુકૃપા વિદ્યાસંકુલમાં ગણેશ ચતુર્થી ઉત્સવ ઊર્જા અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ સાથે ઉજવવામાં આવ્યો. જ્યાં તમામ વર્ગોના વિદ્યાર્થીઓએ ભણતર, સર્જનાત્મકતા અને ભક્તિપૂર્ણ દિવસનો આનંદ માણ્યો હતો. પ્રિ-પ્રાઇમરી ટેલેન્ટ શો, ગણેશ મૂર્તિ વર્કશોપ, થાળી ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ પ્રવૃત્તિઓ દ્વારા, વિદ્યાર્થીઓએ સર્જનાત્મકતા, ટીમવર્ક, સાંસ્કૃતિક સમજ અને પર્યાવરણીય જાગૃતિ જેવી આવશ્યક કૌશલ્યો વિકસાવ્યાં. આ કાર્યક્રમે પરંપરા અને આધુનિક મૂલ્યોનું સંમિશ્રણ કરતી એક સંમિલિત શૈક્ષણિક અનુભવ આપ્યો હતો.

### શ્રી અમદાવાદી ચાંપાનેરી મોઢ ઘાંચી જ્ઞાતિ વરિષ્ઠ નાગરિક મંડળ સાથે 'બુઝર્ગો કા હમસફર' કાર્યક્રમ યોજાયો



સુરતઃ ફેમિલી ફિઝિશિયન એસોસિએશન સુરતના પ્રોજેક્ટ 'બુર્ઝુગો કા હમસફર' અંતર્ગત સંગીતની સુરાવલી રેલાવતો કાર્યક્રમ 'સુરમયી સફર' તાજેતરમાં સિનિયર સિટીઝન હોલ, ઈશિતા પાર્ક અડાજણ સુરત ખાતે યોજવામાં આવ્યો હતો. સંસ્થાના સ્થાપક ડો.નવલ મોદીએ મહેમાનોને આવકાર્યા હતા. પ્રવીણ પલસાણાવાળાની પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. મહેમાનોનો પરિચય પ્રમેશ ગાંધીએ આપ્યો હતો. ડો. દીપક તોરાવાલા એ વરિષ્ઠ નાગરિકોમાં રસીકરણ વિષે તેમજ ડો. જયેન્દ્ર કાપડિયાએ વ્યક્તિએ પોતાનું 'વિલ' ક્યારે, કેવી રીતે બનાવવું શું કાળજી રાખવી વિષે વિગતે સવિસ્તાર સમજાવી હતી. ડો.સંજય શાહ, ડો. સ્મિતા જરીવાલા, ડો. દીપક અને ઇલા તોરાવાલા, તેમજ ડો. જયેન્દ્ર અને પારુલ કાપડિયાએ વિતેલા તેમજ સાંપ્રત સમયના યાદગાર ગીતો રજૂ કરી સમગ્ર કાર્યક્રમને જીવંત બનાવ્યો હતો. સંસ્થાના ઉપપ્રમુખ ડો. વિનોદ મોદી, નિતિન ઓલપાડવાળા શ્રીમતી નયનાબેન દૂધવાલાએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ મહેનત કરી હતી. ડો. નવલ મોદીએ આભાર વિધિ કરી હતી.

### ભોગી અને રોગી નહીં પણ યોગી બનવાની દિશામાં આગળ વધો: આચાર્ય મહાશ્રમણ



સુરતઃ બુધવારે આચાર્ય મહાશ્રમણજીએ આયરો આગમના આધારે વેસુ સ્થિત મહાવીર સમવસરણમા ઉપસ્થિત લોકોને પ્રવચન આપતાં જણાવ્યું હતું કે, કામ અને ભોગના કારણે માણસના જીવનમાં રોગો ઉત્પન્ન થાય છે. માણસ આશ્રિત અને લાચાર બંને છે . તેનું દુઃખ અને સુખ પણ તેનું પોતાનું છે. આ બાબતોનું જ્ઞાન થયા પછી કેટલાક લોકો ધર્મ તરફ આગળ વધે છે અને કેટલાક લોકો જાણ્યા પછી પણ કામ અને ભોગમા લીન રહે છે. ત્રણ શબ્દોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે - ભોગ , યોગ અને રોગ. યોગ સાધનામા ધર્મ અને આધ્યાત્મિકતાનો સમાવેશ થાય છે, જેના કારણે આત્માના રોગો પણ દૂર થાય છે. ઘણી વખત શારીરિક પીડા પણ યોગ સાધના દ્વારા દૂર કરી શકાય છે. જીવન ચલાવવા માટે ભૌતિક પદાર્થની પણ જરૂર છે.

### શુદ્ધ દિલથી ધર્મની ઉપાસના કરશો તો ધર્મ તમને બધું જ આપશે: પંન્યાસ પદ્મદર્શનવિજયજી



સુરતઃ અમદાવાદના પાલડી સ્થિત પ્રીતમનગરના શ્રી કુંથુનાથ જૈન સંઘમાં પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે ધર્મસભા સમક્ષ જણાવ્યું હતું કે; લાભની સાથે લોભનું કનેક્શન મજબૂત છે. સત્તા, સંપત્તિ અને સૌંદર્યના ક્ષેત્રે દિન-પ્રતિદિન લોભ વધતો જાય છે. લોભ સર્વગુણોનો નાશક અને સર્વદોષોનો પ્રાપક છે. સર્વ પાપોના જડ તરીકે લોકદશા છે. આજનો માણસ સર્વક્ષેત્રે અસંતુષ્ટ બન્યો છે. જે મળ્યું તે ઓછું જ પડે છે. જે મળ્યું છે તેમાં કોઈ આનંદ નથી અને નથી મળ્યું તે મેળવવાની લહાયમાં મળેલાને માણી શકતો નથી તે આજના માનવનું મોટું દુર્ભાગ્ય છે. સંસારને નસીબ ઉપર છોડો અને ધર્મને પુરુષાર્થ ઉપર છોડો. શુદ્ધ દિલથી ધર્મની ઉપાસના કરશો તો ધર્મ તમને બધું જ આપશે.

### લૂંટના ગુનામાં આરોપીની જામીનઅરજી મંજૂર

સુરતઃ લૂંટના ગુનામાં કોર્ટે આરોપીની જામીન અરજી મંજૂર કરી હતી. કેસની વિગત એવી છે કે 11 ઓગસ્ટ 2023 ના રોજ સચિન પલસાણા હાઈવે પર વાંઝ ગામમાં રાજઅભિષેક સિટિ હોમ્સ પાસે આવેલ બેંક ઓફ મહારાષ્ટ્રમાં હથિયાર સાથે કેટલાક લૂંટારૂઓ હથિયારો સાથે ત્રાટક્યા હતા. લૂંટારૂઓએ બેંક કર્મચારીઓને બંધક બનાવીને 13.26 લાખ રૂપિયાની લૂંટ કરી હતી. સચિન પોલીસ સ્ટેશનમાં આ બાબતે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે આરોપી રાજબહાદુર ઉર્ફ શેરા બિહારીલા લોંધની ધરપકડ કરી હતી. આરોપી રાજબહાદુરે જામીન પર મૂક્ત થવા માટે એડવોકેટ પી.ટી. રાણા મારફત કોર્ટમાં જામીન અરજી કરી હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપીની જામીન અરજી મંજૂર કરી હતી.